વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

સંયુક્ત અંક

વર્ષ - ૩૮ : અંક - ૧૧ ✻ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ✻ તંત્રી : નમ્રતા બાલી ✻ પ્રકાશન : જુલાઈ ૨૨, ઑગસ્ટ ૬, ૨૦૨૦

# આપણે કરીશું શું?

## (ગાંધી સંગોષ્ટી)

કોરોનાની મહામારીનો સૌથી જબરજસ્ત કોઈ સંદેશ કહો કે સલાહ કહો - જે છે તે એ કે તમે માનવો સહુ કોઈ સમાન છો. વસુધૈવ કુટુંબકમ્. વન હ્યુમન કોમ્યુનિટી. તમે ભલે અનેક પ્રકારના ભેદભાવ પર જોર લગાવતા હો - નાતજાત, ઊંચનીચ, રાયક, ધોળાકાળા, દેશી-પરદેશી, સ્ત્રી-પુરૂષ, શહેરના ગામડાના… પણ કોરોના તો ગમે તેનો સંગ સાધે ને ચાહે તો તેનો સાથ ઊપાડી જાય. કોરોના ગાઈ ગજાવીને કહે છે કે તેને મન 'હમ સબ એક હૈ'! આ છે મહામારીનો સંદેશ.

આનું નામ જીવનકળા.

'જીવનકળા શીખીએ, શીખવીએ' - આ છે ગાંધીજીના શબ્દો… ગાંધીજીએ કહ્યું કે લખ્યું કે મેં વાંચ્યું તે અદ્ભુત છે! તેમના જ શબ્દોમાં,

'આજે તો આપણને નથી ચોખ્ખું પાણી મળતું, નથી ચોખ્ખી હવા, નથી ચોખ્ખી માટી મળતી. આપણે સૂર્યથી સંતાઈને રહીએ છીએ. આ બધાનો વિચાર (તથા) યોગ્ય ખોરાક યોગ્ય રીતે લઈએ તો કેટલાય યુગોનું કામ થયું સમજો. તેનું જ્ઞાન મેળવવા માટે નથી ડિગ્રી જોઈતી, નથી કરોડો રૂપિયા, કેવળ ઈશ્વર ઉપર શ્રદ્ધા, સેવાની ધગશ, અને પંચમહાભૂતોનો થોડો પરિચય તથા યુક્તાહારનું જ્ઞાન જોઈએ.'

(લ્યો, આ તો ગૂજરાત વિદ્યાપીઠનો પાંચ વરસનો અભ્યાસક્રમ મળી ગયો!)

જોકે આ કોઈ નવી વાત નથી કરતી હું કે, હવા અને પાણીને માફક જ્ઞાન પણ માનવને મબલખ અને વિનામૂલ્ય આપ્યું છે. માનવે શું કર્યું તેનું? પહેલા, જ્ઞાનને પ્રદુષિત કર્યું અને પછી બજારમાં વેચવા મૂક્યું… આવું કર્યું છે માનવજાતે. શું આપણે પણ તેવું જ કરીશું? શું કરીશું?

### ૧૫મી ઓગસ્ટ, સ્વતંત્રતા દિન…

સ્વ. પાનીબેન જે તમાકુ કામદાર હતાં તેઓ એ સ્વતંત્રતાની લડત જોયેલી તેમને કેન્સર હતું ત્યારે પોતાનાં પાછલાં દિવસોમાં પોતાની યાદો ડાયરીમાં ટપકાવતાં હતાં. તેમાં આઝાદી વખતે ખેડા જીલ્લાની બહેનો રેંટિયો વચ્ચે મૂકીને ગરબો ગાતાં'તા તેના શબ્દો સ્વતંત્રતા દિને સ્વ. પાનીબહેનને યાદ કરતાં 'અનસૂયા'માં મૂક્યાં છે.

*એકડે એક*
*બાપુની રાખો ટેક*
*મારી બહેનો*
*સ્વરાજ લેવું સહેલ છે.*

મહામારીનો ઊંચે ચઢેલો તાવ હજુ નૉર્મલ થયો નથી. જાણવા મળે છે કે હજુ ઊપર ચઢી રહ્યો છે. વહેલો મોડો નીચે ઊતરશે, નોર્મલ થશે એવી આશા રાખી શકીએ? હા? કે ના? નોર્મલ લાવવા માટે શું કરવું તેની દવા પણ હજુ હાથમાં આવી નથી.

પણ, સવાલ મુખ્ય એ છે કે આપણે કેવું 'નોર્મલ' જોઈએ છે? જેણે કરોડો પ્રમાણિક મજૂરી કરતાં નાગરિકોને ઘડીના છઠ્ઠા ભાગમાં શહેરમાંથી પહેરેલે લુગડે હાથેપગે કરીને ભગાડી મૂક્યા તેવું જ નોર્મલ પાછું જોઈએ છે? શહેરોને હિંસક થવા દેવા છે? દમનકારી? આવા હિંસક વિકાસને અંતે મળનારી સમૃદ્ધિનું નૉર્મલ જોઈએ છે? પ્રદૂષણ શહેરનું ઘટવાનું મને નથી લાગતું. હું બોલવા જતી હતી કે ('હોપ આઈ એમ રૉંગ') પણ ત્યાં તો સંદેશ સાંભળ્યો કે મેટ્રોનું કામ શહેરમાં ચાલુ કરી દો.

નોર્મલતા આપણે જ લાવીશું. નોર્મલ થયે જ છૂટકો છે. તો, આપણે કરીશું શું? મારા વિચારો આપ સૌને જણાવું છું. બહુ જ ટૂંકમાં, ગંભીરતાપૂર્વક, નમ્રતાપૂર્વક આપના સમક્ષ મૂકું છું.

**પહેલું :** તો, મેં પહેલાં જ કહ્યું તે 'હમ સબ એક હૈ', સજીવ માત્રનો ભેદભાવ હટાવીએ, કુદરત અને માનવનો સંબંધ અતૂટ રાખીએ.

**બીજું :** સ્થાનિક ધંધાવેપાર, ઉત્પાદનને ઉત્તેજન આપીએ. આપણો મહેનતનો પૈસો મહેનત કરનાર પાસે જાય, આપણો પ્રમાણિક પૈસો પ્રમાણિક પાસે જાય તેવું વિચારીને ખર્ચ કરીશું.

**ત્રીજું :** પ્રવાસનું પ્રમાણ ઘટાડીએ.

વાહનનો ઉપયોગ લાંબા અંતર માટે જ કરીએ. સાઇકલ વાપરીએ. ચાલતા જવાય ત્યાં ચાલતા જઈએ. લાંબા અંતરના કારભાર ટાળીએ, જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં આમ સ્થાનિકતા લાવીએ.

આમ કરીને, કમસે કમ આપણા પોતાના કાર્બન ફૂટપ્રિન્ટ તો ઘટાડીએ.

**ચોથું :** સફાઈની કાળજી આજ કરતાં વધુ રાખીએ. સફાઈ કરવામાં કેમિકલ, દવા, પાવડર, એ જેવાના ઉપયોગ ઘટાડતા જઈએ. વિકલ્પો શોધીએ, કુદરતી વિકલ્પો. ઉપરાંત, સફાઈ માટે હજૂ ય ઘણાં બધાં રહેઠાણોમાં પાણીની ખોટ છે, નહીંવત્ છે.

સફાઈ માટે જ્યાં પાણીનો અભાવ યા ખોટ હોય તે દૂર કરવા ઝુંબેશ ચલાવીશું.

**પાંચ :** વેસ્ટ તથા કચરાનો નિકાલ ખૂબ જવાબદારીપૂર્વક કરીએ. મૂળે તો, વેસ્ટ-કચરો પેદા કરીએ જ શા સારું? વેસ્ટ થવા જ ન દઈએ.

'વાપરો વિચારીને', આ સૂત્ર બહુ પ્રચલિત કરવાની જરૂર છે. ઉપરાંત, રિસાઇક્લીંગનો ઉદ્યોગ અપનાવીએ, વપરાયેલી વસ્તુને ભસ્મ ન કરીએ, પણ પુનર્જન્મ આપીએ,

**છઠ્ઠું :** ઊર્જા, ઊર્જામાતા જય હો!? એના વિના ઘડી નથી રહેવાતું! માટે છઠ્ઠું એ કે ઘરમાં વપરાતી ઊર્જાનો હિસાબ રાખીએ, તેની ઓડિટ તપાસ આપણે જાતે કરીએ. વીજળી, ગૅસ, કોલસાનો ઉપયોગ ઘટાડીએ, વાપરવામાં સંયમ રાખીએ - તાકીદ રાખીએ. આ ઉપરાંત, વરસાદી પાણીને ઘરમાં તેમજ બહાર આપણી જમીનમાં સંઘરીએ. આપણા પર વરસેલી એ પ્રભુકૃપાને આપણી પાસે જ રાખીએ, તેનો સદુપયોગ - થોડીક પણ લીલોત્તરી, ખાદ્યચીજ ઊગાડીએ - શાકભાજી, ઔષધ, કંદમુળ, ફળ, કઠોળ, સુકવણી ઇત્યાદી. કુંડામાં, ક્યારામાં, અગાસી પર, ઝરૂખામાં, ઓરડામાં.

**સાતમું :** તે ટેક્નોલોજી. સમુચિત, સંપોષક તેવી ટેક્નોલોજીને વિકસાવીએ. આપણા કાબૂમાં રહે તેવી, નહીં કે આપણે તેના ગુલામ બની જઈએ. આમ થશે ત્યારે જ આપણા કારીગરોને માટે અનુકુળ 'ટૂલ' ઓજારો બનાવી શકીશું. તે માટે સ્થાનિક સ્તરે આર.એન્ડ ડી. સેન્ટર મતલબ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ કેન્દ્રો ઊભા કરીએ. હું ટેકનોલોજીની વિરુદ્ધ નથી. આખરે તો આપણને સ્થાનિક સંશોધન જ સાચું ઉપયોગી તથા ઉત્પાદક થશે. ટૂંકમાં, સૌ યુવાન સ્ત્રી-પુરૂષ કોમ્પ્યુટરની આવડત મેળવે. કોમ્પ્યુટરમાં ડિજીટલથી પૂરા વાકેફ થઈએ, શીખીએ, શીખવીએ. નહીં તો ફરી આપણે ગુલામ બની રહીશું. નહીં તો આસપાસની વાસ્તવિકતાથી અજાણ અને અબુધ રહી જઈશું. હા, અવશ્ય ખાતરી રાખીએ કે યંત્ર કહે તેમ નહિ પણ યંત્ર આપણે કહીએ તેમ ચાલે તેવું આયોજન કરીએ. આ અઘરું હશે, પણ શક્ય છે જો આપણે સ્થાનિકતામાં દ્રઢ માનતા હોઈશું.

## કરીશું શું?

પરિવર્તન, પરિવર્તન એવું કે જે ટકાઉ સસ્ટેઇનેબલ પરિવર્તન... આપણે એવી પરિવર્તનમય નોર્મલતા લાવીએ કે જે સમજણપૂર્વક તથા જાતે વિચારેલ હોય. 'કોપીકેટ' તો નહીં જ. હરગીઝ નહીં.

આજના સપ્લાય અને ડિમાન્ડના અર્થતંત્રની દમનકારી જાળમાંથી તો બહાર નીકળવું જ છે. આપણે, સહુ કોઈ

સજીવસૃષ્ટિ તમામને સંપોષણ દે તેવી અર્થવ્યવસ્થા સર્જીશું એમ થાય તેવું કરીશું.

આવી હોય જીવનકળા 'નવા નોર્મલ'ની આવતીકાલની ગાંધીચિંધ્યા માર્ગે આજની મહામારીના યુગમાં નિત્યજીવનની આવી રીત શીખીએ, આચરીએ.

ગાંધીચીંધ્યા કામ કરવાનું આપણે શીખ્યા છીએ. આપણા પ્રત્યેક કામ - કર્મ જે સત્ય, સચ્ચાઈને પ્રકાશિત કરે, જે પ્રેમ અને કરૂણાના માર્ગે લઈ જાય એ સર્વ કર્મો આપણાં, ગાંધીમાર્ગે જ ચાલતાં કામ છે. આગળ જતાં જે, સૌને પોતાની જાત, સમાજ અને પ્રકૃતિ માંહ્યાનાં અનુબંધને સજાગ કરવા તરફ લઈ જાય, જે ગુલામીમાંથી મુક્તિ અપાવે એ બધાંય ગાંધીના જ કાર્યો છે. જે આપણે કરીએ પણ છીએ.... તેવાં કામ આપણે કરીશું : પછી ભલેને ગાંધીનો 'ગ' પણ લખાયો ન હોય... મારાથી કહેવાઈ જાય છે કે વધુ પડતું ગાંધી-ગાંધી કરશું તો ક્યાંક ગંધાઈ ન જાય!

યાદ તો રહે કે 'હમ સબ એક હૈ!'

**ઈલાબેનનું સમાપન વક્તવ્ય, ગૂજરાત વિદ્યાપીઠ, તા. ૨૬/૬/૨૦૨૦**

❑

# "આપણે કરીશું શું?" તેનો જવાબ....

## મારે આંગણે મારી સ્વાસ્થ્ય બેંક : સેવાના સભ્યોની પાયાની સેવાઓ

છેલ્લા પાંચ વર્ષ થી આપણે અનુબંધ અને 100 માઈલના સિદ્ધાંતથી અનુસરીને સભ્યોની જરૂરિયાત મુજબ કામની ગોઠવણ કરી રહ્યા છે. મૂળભૂત 6 પાયાની જરૂરિયાત : રોટી, કપડાં, મકાન, શિક્ષણ, આરોગ્ય સેવા, નાણાંકીય સેવા.

ભવિષ્યના કામની ગોઠવણ. 50 વર્ષ પૂર્વેની સેવા પણ તેના સભ્યોને અનુરૂપ ઉપરોક્ત સેવા પૂરી પાડતી રહે. તે માટે 'નિરંતર સેવા' હેઠળ આયોજન અને કટિબદ્ધ રીતે કામની ગોઠવણ કરતા રહીએ છે.

આમાં વચ્ચે કોવિડ-19ની મહામારી આવી. જાણે જીવન ખોરંભાઈ ગયું. કોરોના કે કોવિડનો એવો તો ભય પેસી ગયો કે સામાન્ય માંદગી પણ આરોગ્ય કેન્દ્ર કે દવાખાને જવાનું ટાળવા લાગ્યા. આ ભયથી અન્ય બીમારીઓ - માનસિક સ્વાસ્થ્યને પણ અસર થવા લાગી છે.

સેવાના સભ્યોની તાતી જરૂર છે - સ્વસ્થ સમુદાય. દરેક સભ્યનું સ્વાસ્થ્ય જળવાય, કુટુંબનું સ્વાસ્થ્ય જળવાય અને ગામના/ ચાલીના સમુદાયનું.

ઉપરનો હેતુ સર કરવા આપણે જે અભિગમ સ્વસ્થ સમુદાયમાં અને સલામત સમુદાયમાં અપનાવીશું તે કાંઈક નીચે મુજબ હોઈ શકે :

### સ્વાસ્થ્ય ઉદ્યમી :

આપણા જ સભ્યોની ભણેલી દિકરી કે વહુ - નવયુવાન હજી આવતા 20 વર્ષ મહેનત કરી શકે, તેને આપણે માસ્ટર ટ્રેનર તરીકે તૈયાર કરીશું. આ બહેનો નર્સિંગ કે બી.એસસી. (B.Sc.) કે એવું ભણેલી હોય તો વધારે સારું.

ખાસ કરીને આપણા સમુદાયને સ્વસ્થ રાખવા. સભ્યોનું સ્વાસ્થ્ય સુધારવા/ જાળવવા 'પોષણ' ઉપર ભાર આપવો જરૂરી છે. આપણા સમુદાયમાં, આપણા ખેતરોમાં જે કુદરતી ઊગે છે તેવા ધાન, લીલોતરી, ફળ-ફળાદી, ઔષધીય ફળ જેવા કે આમળા, સરગવો, ગુગળ, નગોળ ઈત્યાદિનું સેવન કરવાનું મહત્ત્વ. તેના ફાયદા.

ખાવાનો આપણા જીવનની શૈલી જોડે સીધો સંબંધ છે તેવા રોગો - જેમકે ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલ, થાઈરોઈડ, બીપી વિગેરેને પારખવાની આવડત. સામાન્ય ચિહ્ન.

ઉપરની બીમારી હોય તો નિયમિત શું તકેદારી/ કાળજી રાખવી જરૂરી છે. જેમ કે, દવા - ગોળી લેવા, લોહીની તપાસ કરાવવી.

દર ગામેગામ આવી આપણી તળપદી માસ્ટર ટ્રેનરોની હરોળ ઊભી કરવી.

સ્વાસ્થ્ય ઉદ્યમીની બીજી ભૂમિકા એ હોય કે તેના ગામના સભ્યો અને તેમના પરિવારને રીફર કરવા, જરૂરી દવાઓ લાવી આપી, ઘેર પૂરી પાડવી, નિયમિત લોહી તપાસની ગોઠવણ કરવી વિગેરે અને સભ્યોના સ્વાસ્થ્યની પાસબુક જાળવવાની કામગીરી આ સ્વાસ્થ્ય ઉદ્યમી બહેનો કરે.

આ માટે દરેક સભ્ય દર મહિને બચત મંડળમાં સ્વાસ્થ્ય ફંડ/ ભંડોળ પણ બચાવી શકે. જેમાંથી સ્વાસ્થ્ય ઉદ્યમીને ફી ચૂકવી શકાય.

### ઘર આંગણે ડૉક્ટર હાજર : (ટેલીમેડિસીન)

આપણા સભ્યોના કામ - ધંધા હોય. ઉપરથી માંદગીમાં કામે જઈ ના શકાય એટલે આવક બંધ. મોટા ભાગે આપણે એટલે ડૉક્ટર કે આરોગ્ય કેન્દ્ર જવાનું ટાળીએ. નાછુટકે જઈએ તો ખર્ચ ઘણો થાય.

તો ઘર આંગણે ડૉક્ટરની સેવા મળી રહે, એટલે આપણે ટેલિમેડિસીનની સેવા શરૂ કરી. ગમે તેવા દૂરદરાજના ગામમાં હોઈએ, ટાઢ-તડકો-વરસાદ કે લૉકડાઉન કે વાવાઝોડું હોય.

પણ જો આપણી પાસે ફોન ચાલુ હોય તો ઘેર બેઠાં હું નિષ્ણાત ડૉક્ટરનો સંપર્ક કરી, ઈલાજ મેળવી શકું.

વાહનની સુવિધા કે સગવડની ચિંતા ટળી. વાહન ભાડાની ચિંતા ટળી. ઘરના કોઈનો રોજ પણ ના પડે. સારામાં સારા નિષ્ણાત તબીબની સારવાર મળે.

**રીફરલ સેવા :**

જો ટેલીમેડિસીનમાં ડોક્ટરને લાગે કે રૂબરૂ તપાસની જરૂર છે તો તેના માટે આપણે ફરતું દવાખાનું શરૂ કરવાનું ગોઠવવું અથવા તો આપણા સંસ્કાર કેન્દ્ર ઉપર ડોક્ટરનું ક્લિનિક શરૂ કરવું.

આ માટે જરૂરી નોંધણીની પ્રક્રિયા શરૂ કરવી જરૂરી છે.

**ફાર્મસી/ દવાની દુકાન :**

ટેલીમેડિસીનમાં ડૉક્ટર જે દવા લખી મોકલાવે, તે દૂર લેવા જવું ના પડે તેથી આપણાં ફરતાં દવાખાનામાં અથવા ક્લિનિક હોય ત્યાં એક દવાની દુકાન પણ હોય. ત્યાં દવાની સાથે-સાથે સભ્યોને અન્ય જરૂરિયાતની વસ્તુઓ જેવી કે સેનિટરી નેપ્કીન, સાબુ, સેનિટાઇઝર, ટુથપેસ્ટ, ડાયપર, શેમ્પુ વગેરે પણ મળી રહે.

**લેબોરેટરીની સેવા : આને જ આપણું આર.એન્ડ. ડી. - રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ કેન્દ્ર બનાવવું**

સેવાના સભ્યોનું સ્વાસ્થ્ય જળવાય, સ્વાસ્થ્યનું સુખ અનુભવે તો જ રોગ પ્રતિકારક શક્તિ કેળવી શકાય. સમતુલિત આહાર, વ્યાયામ, અને નિયમિત જરૂર પૂરતી આરોગ્ય તપાસ કરતા રહીએ તે માટે આપણા સંસ્કાર કેન્દ્ર ઉપર ક્લિનિક, દવાની દુકાન અને તેની સાથે નાની લેબોરેટરી હોય. આ લેબોરેટરી - ફરતા દવાખાના જોડે પણ હોઈ શકે. જેમાં જરૂરી લોહી તપાસ થાય. જે ઉણપો હોય જેમ કે વિટામીન B12, D, C, આયર્ન વિગેરે જાણી આહારમાં શું સુધારા/ ઉમેરા કરવા અથવા તો NCD મુજબ આહાર/ દવામાં વખતો વખત શું સુધારા/ ઉમેરવા કરવા.

ટૂંકમાં સભ્યો ને ઘેર બેઠાં આરોગ્ય સેવા મળી રહે. સભ્યોનું, તેમના પરિવારનું સ્વાસ્થ્ય સુધરે. 'સ્વસ્થ સમુદાય' બની રહે.

## આપણી સેવાની ખેતી ઝૂંબેશ ને ફૂડ સિક્યોરીટી

અત્યારની પરિસ્થિતિને ધ્યાનમાં લઈએ, તો આપણી ખેતી ઝુંબેશના ચાર પાસાં છે. તેને કંઈક આ રીતે મૂકો શકાય.

**કૌટુંબિક ખેતી (ફેમિલી ફાર્મિંગ) :** સેવાના 54% સભ્યો ખેતી ઉપર નિર્ભર છે. કંઈક તો નાના ને સીમાંત ખેડૂત છે, ભાગવી ખેતી કરે છે અથવા ખેત મજુર છે. તો તે

હમણાં છેલ્લા દસકામાં રોકડિયા પાક તરફ સૌ કોઈ વળેલા. ખેતીમાં વારંવાર આવતા જોખમોને લીધે સ્વાભાવિક રીતે વધારે આવક મેળવવા તત્પર હતા, પણ અનુભવે સમજાયું કે આપણે તો મૂળ - પાયાની ખેતી જ ખપે જેમાં મિશ્ર પાક લેવો. રોકડિયો પાક પણ હોય, ધાન્ય પાક પણ હોય, કઠોળ પણ ઉગાડે અને શાકભાજી. આમ કરવાથી જ જોખમ ટળે છે અથવા તો ઘટે છે ને આવક થોડી ઘણી તો મળે. સાથે-સાથે ઘર પૂરતું ધાન/ અનાજ અને શાકભાજી પણ મળી રહે. ખેતીમાં સમગ્ર પરિવાર સંકળાય છે. જમીન મર્યાદિત હોય છે તેથી મજૂર ભાગ્યે જ રાખવા પોસાય.

કુટુંબ આખું ખેતી ઉપર નભે અને ઘર પૂરતું અનાજકઠોળ ને શાકભાજી પણ ઊગાડે/ પકવે આપણે આ ખેતીને કૌટુંબિક ખેતી/ ફેમિલી ફાર્મિંગ કહીએ છે.

બીજું એ પણ અનુભવાયું કે મોટા ખેડૂત સુધારેલા બિયારણને રાસાયણિક ખાતર વાપરી રોકડિયા પાક ઊગાડવા આકર્ષાયા. પહેલાં બે-ત્રણ વર્ષ ફાલ ઘણો સારો આવ્યો. તો બજારમાં ભાવ ના મળ્યો. જમીન પણ બગડવા લાગી. રોગ વધવા લાગ્યા. એટલે ખેતીમાં ખર્ચ વધ્યો ને સામે ઉપજ ને આવક ઘટ્યા અથવા કોઈ ફેર ના પડ્યો.

તેથી આપણી સેવાની ખેતી ઝુંબેશ માં આપણે સભ્યોને જમીનની ચકાસણી કરાવવા ઉપર ભાર આપીએ છીએ. જમીનની ગુણવત્તા મુજબ જરૂરી સેન્દ્રીય ખાતર, વર્મીકમ્પોસ્ટનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરીએ છે. રોગ પ્રતિકારક પધ્ધતિ પ્રમાણે લીમડાનો અર્ક, પંચદ્રાવ્યનો છંટકાવ કરીએ છે. આ જાતે બનાવી શકાય અને કોઈ નુકસાન નથી કરતું.

આપણી વાર્ષિક સભામાં આપણે ભેટ કે નાસ્તાની જગ્યાએ પંચદ્રાવ્યના કેરબા આપીએ છે.

ગામ સમૃદ્ધ થાય, યુવાન બહેનો ભાઈઓને પણ રસ પડે અને મન મળે તેવી રોજગારી ઊભી થાય તેથી ખેતીની સાથે-સાથે એગ્રો પ્રોસેસિંગ - ખેત પેદાશનું પ્રોસેસિંગ પણ ગામમાં જ થાય - જેમ કે તલમાંથી તલનું તેલ કપાસિયાનું તેલ, લીંબોળીનું તેલ, કપાસિયાનો ખોળ, લીંબોળીનો ખોળ, તેવી જ રીતે ચણામાંથી ચણાની દાળ, મગમાંથી મગની દાળ, તુવેરમાંથી તુવેરની દાળ - નાના મિલિંગ યુનિટ ઊભા થાય. લીમડાના તેલમાંથી સાબુ બનાવવા, ઔષધીય વનસ્પતિનો ઉછેર ને તેમાંથી ઔષધી તૈયાર કરવી. સરગવાના પાન સુકવી તેનો પાવડર, ગુગળ, નગોળ ની ફાકી, આમળાની સુકવણી, ચ્યવનપ્રાશ વિગેરે.... મધમાખીનો ઉછેર ને મધનું વેચાણ, શાકભાજી, ઘીનું વેચાણ, આમ કરવાથી આખું વર્ષ આવક મળી

રહે છે. બજાર પણ સ્થાનિક જ હોય છે. જો મોટા પાયે કરવું હોય તો ડિજિટલ માધ્યમથી શહેરોની બજાર પણ ઊભી કરી શકાય. દરેક ઘરમાં વાડામાં શાકભાજી ઘર પૂરતું તો ઉગાડાય જ. આમ કરવાથી સ્થળાંતર કરવા મજબુર થવું પડતું નથી, યુવાનોને યોગ્ય અને સન્માનપૂર્વક જીવન જીવી શકે તેવો રોજગાર મળે.

બજારના ઊતાર-ચઢાવના જોખમ સામે ઘણા અંશે જોખમ ટાળી શકાય છે. ખેતી ટકાઉ બને છે. ગામના પરિવારને ફૂડ સિક્યોરિટી મળે છે.

હજી જે કરવાનું છે તે પાંચમું પાસું તે છે, શહેરીખેતી, ભલેને શહેરમાં ફ્લેટમાં રહીએ કે ચાલીમાં. ઘરમાં નાના કુંડામાં, ટ્રેમાં, ખોખામાં બે-ત્રણ શાકભાજીના વેલા, ભાજી, જવારા વિગેરે તો ઊગાડતા થઈએ જ, ધાબા ખેતી કરીએ તો તો બધું જ શાકભાજી, ફળો વિગેરે ઊગાડી શકાય છે.

**– રીમા, સેવા ટીમ**

❑

# બસ કોરોના, બહુ થયું !

બસ કોરોના હવે તું જા!
આવ્યો હતો તું વણબોલાવ્યો,
છતાંએ અમે આવકાર્યો.
આસપાસમાં આપ્યો વાસ,
સમજ્યા અમે એમ કે,
આવ્યો છે દેવા શીખ ખાસ...
અમે સ્વીકાર્યું, સાંભળ્યું, સમજ્યાં,
જીવન રીત બદલી તુજ નામ.
ઘર કર્યું બંધ ને રસ્તા કર્યા ખાલી,
પશુ પક્ષી સૌને આપ્યું
મોકળું મેદાન ખેલવા...
પરિવારને માણ્યું, મનોરંજન માણ્યું
પુસ્તકો, સંગીત, શું શું માણ્યું,
દૂર નજીકના સગાંસંબંધી સૌને
કર્યા યાદ, પછી વર્ષો
લાંબી, ટૂંકી વાતો કરી લીધી...
પણ બસ હવે બહુ થયું !
હવે તું જા...
તારો આવકાર થયો છે પાંગળો,
ને તારો ભય પણ હવે,
અમને લાગે છે માયલો...
ક્યાં સુધી, ક્યાં સુધી સૌ
રહીશું ઘરમાં બંધ ?
અને ક્યાં સુધી, ક્યાં સુધી,
માનવ પ્રવૃત્તિઓને ભૂલીને
જીવન જીવીશું પાંજરા મહીં?
જે ઈશ્વરે તને મોકલ્યો છે,
તે જ ઈશ્વરે અમને પણ મોકલ્યા.
જીવન માણવા ને પ્રવૃત્ત થવા
નહિ કે એશ આરામ કરવા...
હા, થઈ હશે ભૂલ અમથી,
નવી સમજની ભેટ દીધી સૌને.
રાખીશું પરિવારને નજર સમક્ષ
સ્વર્ગ બનાવીશું પૃથ્વી પર...
માણીશું જીવન ભરપૂર,
આપ્યું છે જે ઈશ્વરે.
તે તો છે કરુણાનો કરનારો,
નહિ કે કોરોના નો કરનારો !

**– મીનળ પંડ્યા**

❑

# કોવિડ-૧૯ મહામારીની દેશ પર અસર

કોવિડ-19 મહામારીને ફેલાયે ચારથી સાડા ચાર મહિના થઈ ગયાં. અસંગઠિત ક્ષેત્રના કામદારો પર આ મહામારીનાં ઓછાયા હજુ પણ એટલાં જ ગાઢા છે. બરાબર ભરડામાં આ કામદારોને લીધાં છે. કામ ધીમે-ધીમે ખૂલી રહ્યું છે. સહુ કોઈ ''ન્યુ નોર્મલ''થી 'નોર્મલ' થવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. પણ, અસંગઠિત ક્ષેત્રના કામદારો 'ન્યુ નોર્મલ'માં ''નોર્મલ'' નથી. સેવા જે રાજ્યોમાં કામ કરે છે તેનો કંઈક અહેવાલ આ પ્રમાણે છે...

ઉત્તરપ્રદેશઃ ચીકન અને ઝરદોસીના કામદારો... બધા ઘરખાતા કામદારો. પીસરેટ ઉપર કામ કરે. ચીકન અને ઝરદોસી કામ એકદમ આવડતવાળું કામ. એક-એક કામદાર ''કારીગર''. ચાર મહિનાથી કામ નથી. જ્યાં થોડું કામ શરૂ થયું છે ત્યાં કામ મળે પણ 25 ટકા વેતન ઓછું મળે! એક દુપટ્ટામાં ચીકન-ઝરદોસીનાં 100 રૂપિયાથી 500 રૂપિયા મળતાં હતાં તે હવે ઘટીને 75/- રૂપિયા થઈ ગયા. શહેરી અસંગઠિત કામદારોની પરિસ્થિતિ બહુ ખરાબ છે. ઉત્તરપ્રદેશમાં ભાઈઓની પરિસ્થિતિ જોઈએ તો, પેડલરીક્ષા/સાઇકલરીક્ષા ચલાવનાર પાસે પણ કામ નથી કારણ કે લોકો જાહેર વાહનવ્યવહારનો ઉપયોગ કરવાનું ટાળે છે. ઘરેલુ કામદારો (ડોમેસ્ટિક વર્કર્સ) ત્રણ-ચાર ઘરે કામ કરે તેમાંથી એક-બે ઘરમાં કામ માટે બોલાવે છે. એમની આવક પણ ઘટી છે. ગામોમાં મનરેગાનું કામ સરકારે આપવાનું શરૂ કર્યું છે પણ જોઈએ તેટલું મળતું નથી અને અધૂરામાં પૂરું સ્થળાંતરિત પુરુષ કામદારો પોતાના ગામોમાં પાછા આવ્યા છે અને તેઓએ કામદાર બહેનોને જે કામ મળતું હતું ત્યાં ગોઠવાઈ ગયાં છે. એટલે બહેનોને 'મનરેગા'માં કામ નથી મળતું! કારણ એ જ કે પુરુષ કામદારમાં કામ કરવાની વધુ તાકાત હોય... ઘણા કિસ્સાઓમાં વચેટિયા દ્વારા કામ મળે છે પણ ત્યાં વચેટિયાઓ પોતાનો 'કટ' લઈને માત્ર 220 રૂપિયા કામદારને આપે છે. સ્થળાંતરિત કામદારો જે પાછા વતનમાં આવ્યા છે તેમાંનાં ઘણા 'સ્થળાંતરિત કામદાર' તરીકે નોંધાયેલાં છે. તેઓ સરકારની વિવિધ યોજનાઓ સાથે જોડાયાં છે. પણ, આ રજિસ્ટ્રેશન માત્ર ભાઈઓનું જ થાય છે. કુટુંબોના કુટુંબો સ્થળાંતર કરે છે તેમાં કામદાર બહેનો અને 18 વર્ષના છોકરાઓનું રજિસ્ટ્રેશન નથી થતું. માત્ર કુટુંબના મુખીયા તરીકે ભાઈનું જ રજિસ્ટ્રેશન થાય છે. એટલે માત્ર 25 ટકા જ સ્થળાંતરિત કામદારોનાં આંકડા બહાર આવ્યા છે. ખેતમજૂરીમાં પણ સ્થળાંતરિત કામદાર ભાઈઓએ બહેનોના કામને લઈ લીધું છે.

રાજસ્થાનમાં બિકાનેરના પાપડ દેશ-વિદેશમાં વખણાય... હજારો કામદારો આ પાપડ વણવાનું કામ કરે. બે ઘર છોડીને ત્રીજું ઘર પાપડ જ વણતું હોય... છેલ્લા દસ દિવસથી આ કામદારો પર આફત આવી... કામ બંધ... પાપડની સપ્લાય ચેઇનને અસર થઈ છે. સમજ નથી પડતી કે એ ક્યારે 'રિવાઇવ' થશે. પહેલા બિકાનેરમાં નાની-નાની મિલોમાં તેલ પીસવાની ઘાણીઓ છે. ત્યાં કામ ચાલુ છે. અહીં બહેનોને મગફળી સાફ કરવાનું કામ મળે છે. આ કામ ચાલુ છે... 200 રૂપિયા દૈનિક બહેનો કમાઈ લે છે. આ સ્થાનિક કામ છે. માટે જ, જે વસ્તુનું ઉત્પાદન થાય છે તેના ઉપરની જેટલી પ્રોસેસ સ્થાનિક સ્તરે થાય તેટલો ફાયદો થાય. આમાં ઈલાબહેનનો 'અનુબંધ' દેખાય છે કે, ઉત્પાદક અને ખરીદદાર, ઉત્પાદક અને ટેક્નોલોજી, ઉત્પાદક અને કાચા માલમાં જેટલું અંતર ઘટશે તેટલી સ્થાનિક રોજગારી ઊભી થશે...

પંજાબમાં ઘરેલુ કામદારો પાસે કામ ઓછું છે. બીજા કામની શોધમાં છે... પરાંદા બનાવનાર કામદારો પાસે કામ નથી. દિલ્હીની વાત કરીએ તો, વેચનારાના સ્વાભાવિક બજારો ખૂલ્યાં છે પણ સાપ્તાહિક સ્વાભાવિક બજારોનું ઠેકાણું નથી... તે હજુ પણ ખૂલ્યાં નથી. સાપ્તાહિક બજારોમાં વેચતા વેચનારા રોજેરોજ ખૂલતાં સ્વાભાવિક બજારોમાં વેચવા માટે પ્રયત્ન કરે છે પરંતુ, શહેરમાં જગ્યાનો અભાવ અને બે ગજની દૂરી તેમના માટે વેચવાનું અશક્ય બનાવ્યું છે. ત્યારે ઘરેલુ કામદારો પાસે પણ કામ નથી અને કામ નથી એટલે આવક નથી. પાંચ ઘરોમાં કામ કરતાં ઘરેલુ કામદારો એક ઘરમાં કામે જાય છે. એવું પણ કહેવામાં આવે છે કે, આ ઘરમાં કામ કરવું હોય તો બીજા ઘરોના કામ છોડી દો! દિલ્હમાં એક મોટો વર્ગ ઘરખાતા કામદારોને કે જે આરીભરત કરે છે અને આ ભરત કરેલાં કપડાં રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે જાય છે તેમને કામ નથી મળતું. સ્થાનિક કામ ગાઉન, ચણિયા સિવવાનું મળે છે જે 50 રૂપિયા ડઝન મળતું હતું તેના હવે 40 રૂપિયા ડઝનના થઈ ગયા છે. બાંધકામ કામદારોનું કામ થોડું થોડું ચાલુ થયું છે.

વેસ્ટ બેંગાલ : બંગાળના મુર્શીદાબાદમાં એક લાખ જેટલાં ઘરખાતા બીડી કામદારો છે. ત્યાં બ્રાન્ડેડ બીડી બનાવનાર કે જે 60% ટકા જેટલાં છે તેમનું કામ શરૂ થયું છે પણ સ્થાનિક બીડી બનાવનાર કે જે 40% જેટલાં છે તેમનું કામ શરૂ થયું નથી. ઘરેલુ કામદારોની પરિસ્થિતિ અહીં પણ બીજા રાજ્યો જેવી જ છે. ચાર ઘરમાંથી બે ઘરમાં કામ મળે છે. મનરેગામાં કામ મળે છે. હાલમાં બંગાળમાં ટ્રેનો બંધ છે. 31 ઓગસ્ટ સુધીમાં ખુલશે એટલે બંગાળના જિલ્લાઓમાંથી/શહેરોમાંથી આંતરિક સ્થળાંતર

થયું પણ બંગાળની બહારથી પાછા આવેલાં કામદારો કામ કરતાં હતાં ત્યાં ગયા નથી.

ફૂલીયા-નદીયામાં હજારો વણકરો છે. જેમની પાસે કામ નથી. માલ પડી રહ્યો છે. સેવા ત્યાં ઓનલાઇન માર્કેટિંગથી માલ વેચવાનો પ્રયત્ન કરી રહી છે. આ વણકરોની પરિસ્થિતિ ખરાબ છે. કારણ કે બંગાળી નવું વર્ષ, ઈદ આવીને ગયાં પણ, લોકડાઉનના લીધે માલ જ ના ખપ્યો. સામાજિક સુરક્ષા યોજના જોડે જોડવાનું કામ સેવા કરી રહી છે.

ઉત્તરાખંડની વાત જોઈએ તો, ખેતીના કામ ચાલે છે પણ મનરેગાનું કામ મળવામાં મુશ્કેલ છે. મનરેગા ગ્રામપ્રધાન નક્કી કરે કે કોને કામ આપવું. સગાંસંબંધીઓને પહેલાં લેવામાં આવે છે. આ માટે ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટને પત્ર લખ્યો છે. ઘરેલુ કામદારો ચારથી પાંચ ઘરોમાં કામ કરતાં હતાં તે એકથી બે ઘરો થઈ ગયાં છે. આ બહેનોનાં ઘરવાળા મોટાભાગે બાંધકામ મજૂર હોય છે. તેમના કામ પણ બંધ છે. બિહારના સ્થળાંતરિત કામદારો દહેરાદુનમાં કામ કરવા પાછા આવવા માંગે છે પણ કામ જ નથી... તો આ કામદારોને શું મળશે? ઉત્તરાખંડ પર્યટકો ઉપર પણ નભે છે પણ પર્યટકો જ નથી... આથી દુકાનો જે ભાડે લીધેલી તે બંધ કરી ખાલી કરી દીધી છે. ભાડું ક્યાંથી લાવે? જે દુકાનો ચાલુ છે ત્યાં ચાર-પાંચ કામદારોની જગ્યાએ એક કામદાર કામ કરે છે. દરેક કામમાં છટણી જબરજસ્ત થઈ છે.

અધૂરામાં પૂરું વરસાદ ધમધોકાર છે. લેન્ડ સ્લાઇડિંગ પણ થાય છે. જેનાથી કામદારોની અવરજવર પર રોક લાગી ગઈ છે. ઝારખંડમાં આ જ સમય છે કે જ્યારે દર વર્ષે સ્થળાંતરિત મજૂરો પોતાના ગામ પાછા આવે... રોપાઈનો સમય છે. તેમના માટે લોકડાઉનના લીધે આ સમય સચવાઈ ગયો... રોપણી માટે બીજ જોઈએ જે મળતા ન હતાં જેથી જૂના બચેલા બીજથી ચલાવ્યું. એક ગેરફાયદો રહ્યો કે બહેનોની મહેનત ઓછી કરે તેવા મશીનો ખેતી માટે લાવવાના હતાં જે લોકડાઉનના લીધે ના થઈ શક્યું! ઘરેલુ કામદારો અને બાંધકામ મજૂરો કામ માટે ફાંફાં મારે છે. રૂરલનું હાટ ખૂલ્યું છે. અહીં શાકભાજી ઊગાડનારાઓ હાટમાં વેચતા જતાં પણ આવવા-જવાની વ્યવસ્થા નથી. શાકભાજી પોતાની વસ્તીમાં વેચે છે અને ક્યારેક વાહનની વ્યવસ્થા થાય ત્યારે હાટમાં વેચવા જાય છે. 'મનરેગા'માં કામ કરનારા હડતાલ પર ગયા છે. તેમની માંગ છે કે, સમયસર તેમને વેતન મળે. ઘણા કામદારોની ફરિયાદ છે કે, તેમણે જેટલા કલાક કામ કર્યું છે તે પ્રમાણે વળતર નથી ચૂકવાયું.

કેરળની પરિસ્થિતિ ભારે બદલાઈ ગઈ છે. લોકડાઉન પછી એપ્રિલ-મે સુધી કેરળની પરિસ્થિતિ એટલી ખરાબ નહોતી. ધંધા-રોજગાર પહેલાંની જેમ ચાલતા હતા. દરેક પાસે કામ હતું - ફેક્ટરીઓ હોય કે ઘરખાતા કામદારો હોય. આજે પરિસ્થિતિ બહુ ખરાબ છે. જુલાઈમાં કોવિડ-19નું સંક્રમણ કમ્યુનિટીમાં થવાનું શરૂ થઈ ગયું અને આના કેસિઝ વધી ગયા. દરિયાકિનારાઓને કન્ટેઇન્ટમેન્ટ ઝોન જાહેર કર્યો છે. ફિશિંગની બધી પ્રવૃત્તિઓ અટકી ગઈ છે. જેના લીધે ફિશિંગ કમ્યુનિટી પાસે કોઈ કામ નથી. 'મનરેગા'નું કામ પણ અટકી ગયું છે. ઘરેલુ કામદારોનું કામ બંધ છે. ઘરોમાં 24 કલાક રહે તેવા ઘરેલુ કામદારોને જ કામ મળે છે. 'ઓણમ' નજીકમાં જ છે. સરકાર 'પ્રોવીઝન કીટ' દરેકને આપે તેમજ અસંગઠિત કામદારો માટેનાં સામાજિક સલામતી બોર્ડમાંથી 9000 રૂપિયા બીજા રાઉન્ડમાં મળે તે માટે સેવા સરકાર પર દબાવ લાવી રહી છે. વેચનારા માટે પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના શરૂ થઈ છે. આ માટેના જરૂરી દસ્તાવેજો સેવાના સભ્યો રજૂ કરી રહ્યા છે અને આ રકમ અમુક વેચનાર સભ્યોને મળી પણ છે. કેરળની આર્થિક પરિસ્થિતિ બહુ બદલાઈ ગઈ છે.

તો આ વાત છે અસંગઠિત કામદારોની... જરૂરી એ છે કે, આ કામદારોની સપ્લાય ચેઇન રિવાઇવ થાય, કામ બંધ છે તો આવક પણ બંધ છે... આવા સંજોગોમાં સામાજિક સલામતીની ખૂબ જરૂર અસંગઠિત કામદારોને છે. તે આ મહામારીએ સાબિત કરી દીધું છે.

નીતિ બનાવનારા આ અસંગઠિત ક્ષેત્રને સમજે અને જે કંઇ આર્થિક પેકેજ સરકારે જાહેર કર્યુ તેમાં આ કામદારો માટે જુદા-જુદા ધંધાઓને લગતી જાહેરાતો થાય તે જરૂરી છે.

**- મનાલી**

❑

# શ્રદ્ધાંજલિ



નામ પ્રમાણે જ મધુબેનના ગુણ... હંમેશા મધ જેવા મીઠા. મધુબેન સેવાના પાકા આગેવાન. આપણા મુલ્યોને સાચી રીતે પચાવેલા હતા એટલે જ તો વિસ્તારોમાં શાંતિ સ્થાપવાના શિક્ષણનું કામ વિદ્યાગૌરીબેન તરીકે વર્ષ 2002થી ઇદગાહ વિસ્તારમાં કરતા હતા. આમ તો મુખ્યત્વે વૈતરું કામદાર હતા. વર્ષો સુધી તેમણે કોલસાની ખાણમાં કામ કરેલું હતું. આવા કામદાર મધુબેનનો જન્મ તા.2/8/1962માં થયો હતો. તે ખૂબ જ મહેનતું , ઉત્સાહી અને દરેક કામમાં આગળ રહેતા.

આજે સવારે 10 વાગ્યે રોજની જેમ મધુબેનનો ફોન આવ્યો

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20
Issued by S.S.P. Valid up to 31-12-2020.

Ahmedabad P.S.O.
22-7-2020
& 6-8-2020

તો મેં કહ્યું, હા મધુબેન. બોલો શું કામ હતું? ત્યાં જ તો તેમનો દીકરો બોલ્યો બેન, મધુબેન આપણી સાથે નથી. આજે સવારે હૃદયરોગથી અવસાન પામ્યા છે. મને તો માનવામાં જ ના આવ્યું! રોજ તો ફોનથી વાત કરીએ છે અને અચાનક શું થઈ ગયું ? હંમેશાં હસતા, આગળ રહેતા આગેવાન મધુબેન હવે આપણી સાથે નથી ?

વર્ષ 2002ના શાંતિપથ કેન્દ્રની શરૂઆતથી જ મધુબેન વિધાગૌરીબેન તરીકે મારી સાથે કામ કરતા હતા. સમય જતાં આપણે જુદી જુદી પ્રવૃત્તિઓ કેન્દ્ર ઉપર શરૂ કરતા ગયા, તેમાં પણ દરેક પ્રવૃત્તિમાં આગળ લઈ જવામાં મધુબેન હંમેશા તૈયાર રહેતા. ઇદગાહ કેન્દ્રને પગભર કરવામાં હંમેશાં તત્પર રહેતાં.

હાલના આ કોરોના કાળમાં પણ મધુબેન સેવા સંગઠનને આગળ લઈ જવા ઇદગાહ વિસ્તારમાં લવાજમના કામમાં પણ આગળ આવ્યા. મધુબેન હંમેશા અમને બધાને તમારી ખોટ સાલશે... કેન્દ્રના તમામ બાળકો તેમને મધુબાજી કહેતા હતા તે હવે નથી રહ્યાં... એ જ એકતાબેનો અને તાલીમના બહેનોના મધુબેન સતત તેમની યાદ છોડતા ગયા .

સેવાના બધા બહેનોની પ્રાર્થના છે તેમના આત્માને પ્રભુ શાંતિ આપે.

**– પૃથા**

❑

## અનસૂયા

- ૩૮માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલાવિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત, અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા હવેથી વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે 'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા**

**22-7-2020**
**6-8-2020**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001